તદ્દન નવિન સુબોધદાયક કાવ્યોનો ભંડાર

સંગીત સુબોધ સાગર.

ભાગ પહેલો.

સંદેશો છે સર્વને, નિતીમાં છે માન,
તોફાનથી તરશો નહિ, રાખશો એટલું ધ્યાન;
દુનિયા દુઃખી થાય છે, ઉંધે રસ્તે જાય,
ફેશન ફજેતા કરે, સદાચારી સુખી થાય.

રચનાર તથા છપાવનાર:—

શંકરલાલ પીતામ્બર વ્યાસ.

લોઅર પરેલ, મગનબાગ, મુંબઈ અને અમદાવાદ.

સંવત ૧૯૭૫] સર્વ હક્ક સ્વાધીન છે. [સને ૧૯૧૯.

આવૃત્તી ત્રીજી.] **[પ્રત ૧૦૦૦.**

મુલ્ય એક આનો.

બીજો ભાગ અમારી પાસેથી મળશે.

છાપનાર—શા. મગનલાલ જગજીવનદાસ. (૩૫-૭૬)
શ્રી 'સરસ્વતી' છાપખાનું, ૩૫૬, નાગદેવી રસ્તો, મુંબઈ, નં. ૩.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

હે પ્રભુ! યા મહાન ફોટોગ્રાફર! દયા કરી પાપી કર્મથી બચાવી મારી હૃદયરૂપી છબી ઉત્તમ સદ્‌ગુણોથી ભર.

ત્રોટક છંદ અક્ષર બાર.

અહો દિનાનાથ તું એક દયાળુ, કૃપાવંત તું છે પરમ કૃપાળુ;
દયા કરીને શુદ્ધ બુદ્ધિ વધાર, હે પ્રભુ તું અમારી છબી સુધાર.
અક્કલ કેરો રંગ અંદર ભર, નિડર શુદ્ધ શાંત સ્વભાવ કર;
ખામી ન રાખીશ કળામાં લગાર, હે પ્રભુ તું અમારી છબી સુધાર.
સદ્‌ગુણની સદા કરજે વૃદ્ધિ, ઉત્તમ કોટીની દે પવિત્ર બુદ્ધિ;
ફોટોગ્રાફર તારો એક આધાર, હે પ્રભુ તું અમારી છબી સુધાર.
તોફાનથી તુરત બચાવી લેજે, શાંત સરલ તું સ્વભાવ કરજે;
બળ બુદ્ધિ બહુ વિનય વધાર, હે પ્રભુ તું અમારી છબી સુધાર.
સત્યતા હિંમત હમેશા વધાર, દુર્ગુણ ન દેખાય હવે લગાર;
આધાર તારો છે દિન દયાળ, હે પ્રભુ તું અમારી છબી સુધાર.

જમાનાની બહાર ને અક્કલની આરસી.

(ચાબખા) રાગ.

જોઈ જોઇ જમાનાની બહાર પાર હું પામ્યો અપરંપાર;
દેશથી હું પરદેશ આવ્યો, ધન કમાવા સારૂ;
મગજ મારૂં ફરી ગયું, જોઇ મુંબઈનું બારૂં.
દેશમાં હું જ્યારે રહેતો, દેશી વેશે ફરતો;
મુંબઇમાં આવ્યો મની કમાયો, બાબુ થઈને ફરતો.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૮૫૫૩ वर्गांक

पुस्तकनुं नाम સંગીત સુધાકર સાગર

विषय ૬ - ૪

ફેશનેબલ થઇ ફરવાની, ધુન દિલમાં જાગી;
ચ્હા પાઉં ચેરમાં બેસું, હવા વિલાયતી લાગી.
ગમાર ફરતો હું ગામડીઓ તે, હવે થયો હું અપ ટુ ડેટ;
કોટ, પાટલુન, કોલર લગાવી, બન્યો વિલાયતી શેઠ.
ભાઇ ભાઇથી જ્યારે મળતો, રામ રામ સર્વેને કહેતો;
રામ નામ હું ભુલી ગયો ને, ગુડ મોરનીંગ હવે કહેતો.
અપ ટુ ડેટ યુવાન બન્યો, પહેરૂં ઓલ ઇંગ્લીશ ડ્રેસ;
હેર કટીંગની અંદર બેસી, કપાવું વિલાયતી કેસ.
શરીર ન સુધર્યું મન ન સુધર્યું, એવે સુધારે શું થાય;
શંકર કહે નીતિ સુધારો, અખંડ આનંદ થાય.

જમાનાની ચાબુક.

રાગ ચાબખો.

સીટી સાહેબને બજાઇ, ચેતો ચેતો મેરે ભાઈ—ટેક
મોતકા વારા કબ આયેગા, ખબર કીસીકુ ન હોતી;
મીટ્ટીમેં મીલ જાયગા, રહેગી નારી રોતી—સીટી૦
પાપ પુન્ય બે ચીજો વિના, સાથ કછુ ન આવે;
સમજુ જન સમજી જઇને, દિલ દયામાં લગાવે—સીટી૦
દો દિન રહેના દુનિયાપે, મત કીસીકુ દુખી કર;
ભક્તિ કરલે ભગવાનકી, યે તીજોરી તું તર કર—સીટી૦
ધન દોલત ઔર માલ ખજાના, સબ ઇધર રહેગા;
બંદગી કર લે પ્યારે ખુદાકી, નિકર પછતાના ખુબ હોગા—સીટી૦

ગાડી આતી ઘંટ બજાતી, ટીકીટ તુરત મીલતી;
જૈસા જીનકી પાસે દામ, વૈસા રવાના કરતી—સોટી૦
બુરા મત કર કીસીકા, યહ બાત ધ્યાનમેં રખના;
જૈસા બીજ બાવોગે યારો, ઐસા હોગા ચખના—સોટી૦
દો દિન રહેના દુનિયાપે, ભલા સબકા કર;
ભલાઇસે તેરા ભલા હોગા, નગદ સોદા કર—સોટી૦

કુદરતની કરામત ને નસીબનું નામ.

ગઝલ.

કુદરત તારી અજબ કળા, શું શું કરામત તું કરે;
પળમેં દુ:ખી પળમેં સુખી, પળમેં તું ચાયસો કરે.
કો દુ:ખીયા કો સુખીઆ, કોઈ ભટકતા તો ફીરે;
કોઈને રહેવા ઘર નહિ, કો' મહેલોમાં લહેર કરે.
કોદિ' બેઠના ઘોડપે, કોઇ દિન પેદર ચલના;
કોદિ' ખાના મેવા મીઠાઈ, કોઈ દિન ભુખે મરના.
કો' બુદ્ધિ હીન કો' બળ હીન, કો' વિચિત્ર શોધો કરે;
શોધો કરે બહુ જાતની, દુનિયાને દીવાની કરે.
કો' સુખ દીયા ખુદાને, મઝાસે લહેરો કરતે;
કઇક દેખે ઐસે દુ:ખી, હમેશ આગોમેં જલતે.
ભુખે મરે વન વન ફીરે, પણ બંદગી ખુદાકી કરે;
ચલના નેકીકે રસ્તે, કો' દિન બેડા પાર કરે.
સબ કરામત નેકીકી હૈ, નેકીસે કીસમત ખુલતા;
બુરાઇ મત કર તું કીસીસે, શંકર ઉપદેશ કરતા.

કીસમત ખોલવાની કુંચી.

ગઝલ.

દુનિયા હૈ દુખકા સાગર, કોન યારો તર શકે;
જો તર શકે દુનીઆસે, કુછ ને કુછ કર શકે.
ચિંતાકી આગો સળગે, ચિંતા તો સબકુ ખા ગઈ;
ચિંતાને ચિત્ત બીગાડ દીયા, દુનિયા સબ ખુવાર ભઈ.
ચિંતા સબકુ ખા ગઇ, ચિંતા સબકા પીર હૈ;
જો ચિંતાકુ ખા જાતા હૈ, વહ સચ્ચા શુરવીર હૈ.
સુખ મીલના મુસ્કેલ હૈ, દુખકા હૈ યહ દરિયા;
નેકીવાલોકું સુખ મીલે, માલીકને રસ્તા કર દીયા.
માલીકકી મહેરબાની ભઇ, સબ કોઈ લહેરો કરતે;
માલીકકો જો ભુલ ગયે, દિન દિન દુઃખી હોત હૈ.
દુઃખકા દરિયા હૈ યારો, નેકીકા નાવ ચલતા;
નેકીવાનો પાર ઉતરે, પાપી અંદર ડુબતા.
કર ભલા હોગા ભલા, યહ દુનિયા દો દિન હૈ;
કર ભલા તું ગરીબોંકા, યહ હમારી બીનતી હૈ.
કર ખુદાકી બંદગી, યહ હમારા પેગામ હૈ;
હિંદુ, મુસલમાન, પારસી, સબ ભાઇઓકુ સલામ હૈ.

જેટલા ભોગ ભોગવશો ભાઇ, તેટલા રોગ થાવાના.

સવૈયા.

કોઇ કહે પાણી મુંબઇનું રાશી, વળી રાશી છે હવા;
કહો તંદુરસ્ત કેમ રહેવું, શું કરવી અમારે દવા.
મુળ કારણ શું છે ભાઈ, તેને ભાગ્યે શોધવાના—જે૦

ચહા પીવાનો ચસકો લાગ્યો, કેમ કરીને તે ટેવ જાય;
લોહી ઉકાળે માંદા પાડે, પણ તેને તો નવ મુકાય;
બીડી ચહા જ્યાં સુધી પીશો, સીક હમેશાં રહેવાના—જે૦
સોડા, લેમન, જીંજર ભાઇ, આનંદે આજે પીવાય;
શરાબ સત્યાનાશજ વાળે, પણ પીદે બહુ લોક દેખાવ.
ચહા, કોકો કોફી તણા, ટેસ્ટ તમેતો લેવાના—જે૦
સીનેમાનો શોખજ લાગ્યો, નાટક જોવા લાગ્યું મન;
ઉજાગરા આનંદે કરીને, ખરાબ કરવા માંડયું ધન.
બાવળના બીજ વાવીને, સ્વાદ કેરીનો કયાંથી ચાખવાના—જે૦
નીતી ઉપર ધ્યાન નહીને, પરનારીથી પ્રીતી થાય;
ઉંધે રસ્તે વિચરતાં ભાઇ, કેમ કુદરત કોપાયમાન ન થાય.
પરનારીથી પ્રીતી કરતાં ખરેખર પાયમાલ થવાના—જે૦
અતિ લહેજત જીભે લાગી ટેસ્ટ પુરેપુરો લેવાય.
હોટલમાં આનંદે બેસીને, મનમાન્યું ભાઇ ખવાય.
જેટલો ટેસ્ટ કરશું શંકર તેટલા દુઃખી થવાના—જે૦
અતિ ગરમાગરમ મસાલાથી, પ્રથમ મન રંજન થાશે;
દુષ્ટ ગરમી ઉત્પન્ન કરીને, બોડીને ખરાબ કરશે.
જ્યાં સુધી વૈભવ ભોગવશો, ત્યાં સુધી દુઃખી રહેવાના—જે૦

પરમાત્માની કરામત—ગેબી ગમત.

ખુબી દુનિયામાં ખુબ દીઠી ખરો સુખી કોઇ દેખાય,
દુઃખની ઝુમો જોવા જતાં ઘરોઘર આજે દેખાય;
પરમાત્માની જ્યાં પરમકૃપા ત્યાં મહા આનંદ દેખાયે,
અકળ કળા પ્રભુ છે તમારી નીરખી અમથી ન શકાય;
લક્ષાપતિને ઘેર દીકરા નહીં રોજ જોઇ જોવડાવ્યા કરે,
ગરીબને ઘેર ચાર ચાર છોકરા પરાણે બીચારો પુરૂં કરે;
કોઈ ધનથી દુઃખી કો તન દુઃખી કોઈ મનથી દુઃખી તો
દેખાય—અકળ

કંઇક જીંદગી સુધી વાંઢા બૈરીની માળા જપ્યા કરે,
કંઇકને સાધન એવા બુઢાપામાં બબે બૈરી કરે;
મોટરમાં બેસી લહેર ઉડાવે કોને પહેરવા જુતું ન દેખાય—અકળ
શેઠીઆને તો સલામો કરે ખુસામત તો ખુબ દેખાય,
ગરીબને ધપ્પેથી મારે જુવો જમાનો કેવો દેખાય;
સબધાના સહુ સગાં થાય તે ગરીબનો બનેવી ન કોઈ
થાય—અકળ

આંધળાને અક્કલ આપી જ્ઞાન અક્કલ ત્યાં દેખાય,
કાંણીઓ કરોડ લક્ષણો બાંડાની શું વાતજ થાય;
દેખતાં છતાં કંઇક આંધળા પરનારીપર ફીદા થાય—અકળ
કંઇક મજુરી દિનભર કરે પરાણે આઠ દસ આના કમાય,
કો મગજથી મહેનત કરે પળમાં સો સો રૂપિયા કમાય;
જેવાં બીજ વાવીશું ભાઇ તેવાં ફળ ચાખવાનાં થાય—અકળ

મસતાનોની મુલાકત.

કોઈ મેટરીકસુધી ભણીને વીસ પચીસમાં નોકરી કરે,
ગુજરાતી ત્રણ ચોપડી ભણનારા સો સો રૂપીઆ કમાયા કરે;
નસીબનો કયાં દોષ કહાડવો દોષ કર્મનો તો દેખાય—અકળ
કો દુધ પીઈ આનંદ કરે ને કોઈ દારૂમાં મગન થાય,
કો રંડી લાગે વહાલી કો લંગોટ પાકે રાજી થાય;
હરામનો પૈસો હરામ માર્ગે નેકીનો નેકી રસ્તે જાય—અકળ
કંઇક ગરીબ વિદ્યાર્થિને મદદ આપી દીલમાં તો આનંદ કરે,
કંઇક વેશ્યા રંડી ભાંડ ભવૈયાને ખવડાવીને ખુશકરે;
પેટે પૈસો ખવાય નહી ને પરનારી સબ હજમ કર જાય—અકળ
જુગાર રંડી શરાફમાંહી સર્વે ધન તો ચાલ્યું જાય,
ચહા કોકો કોફી સીગારેટમાં પૈસાની પાયમાલી થાય;
પઈ માટે પેટલાદ દોડે લાખોની પાયમાલી ન અટકાવાય—અકળ
નાટક જોવા નાણું મળેને ત્યારે ખાસા નર દેખાય,
ગરીબ ઘર કેમ ચાલશે તેની ફીકર જરા ન થાય;
એક કુવામાં પડે તો સૌ કોઈ પડવા તૈયાર થાય—અકળ
કુદરત કહે નીતી ચાલવાથી નક્કી સુખ ભાઈ મળશે,
ગમે તેવાં દુઃખ હશે ભલે તે સઘળાં પળમાં ટળશે;
નર જો કરણી કરે તો નરનો નારાયણ થાય—અકળ

દુનિયામાં મસ્તાન કોણ.

લાવણી.

એક વખત આનંદની અંદર, સર્વે લોકો બેઠા હતા;
કહો કોણ મસ્તાન યારો, એક બીજાને . પુછતા હતા.
કોઇ કહે પાડો મસ્તાન, કોઇ કહે મસ્તાન હાથી;
કોઇ કહે પહેલવાન મસ્તાન, કોઈ કહે રાજાનો સાથી.
કોઇ કહે સાંઢ મસ્તાન, કોઇ કહે પાડો મસ્તાન;
કોઇ કહે ધનવાન મસ્તાન, જેને દુનિયામાં બહુ માન.
એટલામાં એક બોલી ઉઠયો, મસ્તાન યારો જુવાની;
તાબે રહે તો ઠીક છે યારો, નીકર કરે ઉંધી કુરબાની.
બાળપણામાં બુદ્ધિ ન હતી, જુવાની યારો કેર કરે;
થયો વિષયમાં જે આંધળો, પશુથી નીચ તો કર્મ કરે.
જુવાની વશમાં રહેવી મુસીબત, યારો જુવાની જુલમ કરે;
બુઢ્ઢાપણુમાં ટાંટીયા ઢીલા, કયા બુઢ્ઢા તોફાન કરે.
જુવાની જીતી જેણે યારો, ગઢ મ્હોટો જીત્યો જાણો;
જુવાનીમાં બંદગી કીધી, સમજો મનુષ્ય તે છે શાણો.
એનાથી મસ્તાન સમજો નારી, ઉખડી તો કંઈક કંઈક કરે;
કુળમાં તો તે કલંક લગાવે, મસ્તાન થઇને મોજ કરે.
નકટી હોકર નાક કપાવે, કુત્તી માફક ઘર ઘર ફીરે;
વેશ્યા હોકર બજારમે બેઠે, કયા અબ ઉનકુ દુનિયા કરે.
ઈન્સે મસ્તાન સંત સાધુ, જો ખુદાની બંદગી કરે;
દશ ઇંદ્રિયોકુ બસમેં કરકે, નેકીસે દુનિયામેં ફીરે.
સબ બસ કરના સહેલ હે ભાઈ, મન બસ કરના મુશ્કેલ દેખાય;
મનકો જો બસ કર ડાલે ભાઇ, વહ સબસે મસ્તાન કહેવાય.

નોકરીના ઉમેદવાર નારણદાસ-રીકશન.

સવૈયા.

નારણદાસ કરી એક માસ્તર, મુંબઇ કમાવાને આવ્યા;
પચાસ રૂપિયા પોકેટ અંદર, ખર્ચી માટે સાથે લાવ્યા.
સેકન્ડ સ્ટેન્ડર્ડ સુધી ભણેલા, હર વાતમાં યસ નો કરતા;
પાડોશી કહે બી. એ. થયો એ, સર્વ એવું મનમાં વિચારતા.
એટલામાં પાડોશી પાસે આવી, નોકરી માટે માગણી કરી;
પાડોશીએ ઉખડેલો સમજી, મીઠી તેની મશ્કરી કરી.
ઑલ ડ્રેસ જો ઇંગ્લીશ રાખો, તો મુંબઇમાં ઝટ નોકરી મળશે;
કોટની કોઇપણ પહેડીમાં, તાબડતોબ પસંદગી કરશે.
પ્રથમ કૉલર ગળે લગાવ્યો, ચશ્મા આંખે દીધાં ચડાવી;
કોટ પાટલુન હેટ લગાવી, હોલ બુટ દીધાં અડાવી.
યુરોપી ફેશનના બાલ કપાવી, સુંગધી સેન્ટ દીધું ચોળી;
પાંથી ઘણી સરસ પાડી, માથું દીધું ફક્કડ હોરી.
ખીસામાં વૉચ લગાવી, સ્ટીક ઝાલી સહેલ કરે;
ટાઇમ્સ ક્રોનીકલની અંદર, વૉન્ટેડ કોલમ વાંચ્યા કરે.
એક યુરોપીઅન પહેડી અંદર, સરવીસ કરવા દીલ થયું,
ખાલી જગ્યાનું કોલમ વાંચી, આવી પાડોશીને કહ્યું
પાડોશી મશ્કરો હતો, માસ્તર જરાપણ ન ગભરાશો;
સવાલ પુછે જો સાહેબ તમને, યસ નો યસ નો કર્યા કરજો.
રૂબાબ તમારો આવો જોઇને, ઝટ તમને ખુરશી મળશે;
મુંબઇમાં છે દમના પૈસા, ઝટ તમને સરવીસ જડશે.
બીજે દિવસે કોટની પહેડીમાં, સરવીસ માટે શોધે ગયા;
ગુડ મોરનીંગ સર બોલીને, સલામ કરી ઉભા રહ્યા.

વાય ડીડ યુ કમ હીઅર, સાહેબે ઇન્કવાયરી કરી;
સરવીસ માટે આવ્યો છું સાહેબ, સાહેબે કહ્યું થોભો જરી.
ખુરશી ઉપર બેસાડયા ને, થોડી વારમાં સવાલ કીધો:
સમજ્યો નહીં જરા પણ, યસ બોલી ઉત્તર દીધો.
વોટ ઇઝ યોર કવોલીફીકેશન, વ્હેર ડુ યુ લીવ હીઅર:
કહ્યું યસ સર યસ સર માઇ ડીયર, આઇ એમ એ ગુડ ઉમેદવાર;
મગજ સાહેબનું શાંત ન હતું, આંખો દીધી ચડાવી;
યસ નો હર બાતમેં કરતા હે, લાફા બે દીધા લગાવી.
સાલે કુછ જાનતા નહીં હે ને, યસ નો યસ નો કયું કરતા હે;
પટાવાલા ઈન્કુ બહાર નીકાળો, યહ કયા બદમાશ મસ્કરી કરતા હે.
સીધો ત્યાંથી બહાર નીકળી, પોતાને મુકામે આવ્યો;
પાડોશીને જે વીતી હતી તે. બધી વાત કહેવા લાગ્યો.
થર્ડ સ્ટેન્ડર્ડનો કોણ ભાવ પુછે, મેટરીક ભણેલા વખતે રખડે;
પુરો હોય જો ઇંગ્લીશનો અનુભવી, તેને તુરત નોકરી જડે.
માસ્તરે સમજી મુંબઇ છોડયું, સીધા પોતાને દેશ ગયા:
પચાસ રૂપીયા પાણી થયું ને, કંઈક વખત હેરાન થયા.
માટે ભણતર પાકુ ભણોને, જેથી ભાઈ દુઃખ જાય;
અર્ધ ભણ્યા કામ ન આવે, અનુભવી કહેવત કહેવાય.

સુધરેલી આ દુનિયામાંહી દેખા દેખી ચાલે છે.

સુધારાની ધુમો બહુ પડે ને, ભાષણ ભપકાબંધી થાય;
અંદર સડો વધે દિવસે દિવસે, બહાર ટાપટીપ ખુબ દેખાય.
જમાનાની છે ભાઇ બલીહારી, આંખો મીંચી ચાલે છે—સુ૦

ધરમાદામાં પઈ ભરાય નહીં, ને નાટક જોવા આનંદે જવાય;
બૈરીને કહે કરકસર કર ને, ભઇ હોટલમાં બેસી ખાય.
મોરીએ દાટા મારીને, બારણું ઉઘાડું રાખે છે—સુ૦
બહાર સુધારો બહુ વધ્યો ને, ભપકા તો ભારી દેખાય;
ઉપર ડ્રેસ ફેન્સી પહેરે, ને અંદર રોગો વધતા જાય.
શકિત નથી ને શરીર દુઃખે છે, ફરિયાદ રોજ ચાલે છે—સુ૦
શોભા ઘરમાં ખુબ વધારી, બીલોર ઠામોઠામ દેખાય:
લોખંડનો લાટ ભરાયો, ચીની ચલાણા વધતાં જાય.
ફુટે તુટી બદામ ન આવે, પણ દેખાદેખી ચાલે છે—સુ૦
કુરાન, બાઈબલ ને ગીતા, શરાબ પીવાની બંધી કરે,
ધર્મને તો ધોઈ પીઇને, પીઠે આજ કંઇક લહેર કરે.
મનથી ખુબ મસ્તાન થઈને, મોજ મઝા ઉડાવે છે—સુ૦
દુધ ઘી પુરતું ખાવા ન મળે, ને સીગારેટ શોખે પીવાય:
ઘરની નારી ઘાંટા પાડે, તો તેને ધમકાવા જાય,
બહુ જો બોલે બિચારી, સોટી ઝડપ હાથમાં ઝાલે છે—સુ૦
તેજાનામાં તંબાકુ આવી, ઘરેણામાં આવ્યું ઘડીઆળ:
શોખમાં સરવીસ આવી, બરણાગીમાં આવ્યા વાળ.
ઉપર ભપકો દેખાય ભારી, ઘરમાં ઘંટડી વાગે છે—સુ૦
નારી સુધરી નવી રીતે, પ્રથમ પોલકું પહેરી રાજી થાય;
સાડી પહેરે બુટ અડાવે, રૂમાલ ઝાલી મન હરખાય.
બ્યુટીફુલ બનવા કાજે, પાઉડર ઉપર લગાવે છે—સુ૦
ઘાટી ઘરનાં વાસણ માંજે, બાઈ તો બેઠી બેઠી ખાય;
મુંબઈ આવી બની શેઠાણી, હવે અમથી મેહનત નવ થાય.
ભીસતર પચાસ પગાર લાવે, બાઇ આનંદે ઉડાવે છે—સુ૦

ટેબલ, ખુરશી ને કેચો, આજ ઘરમાં બીરાજે,
ફોનાગ્રાફ ફક્કડ વાગે, તેની મઝા મને બહુ લાગે.
ફુટસું એટલે કર્મ ફુટયું, માટી મુલ્ય વેચાયે છે—સુ૦
કથા કીરતન ગયું નાશી, દેવ દરશન દુર્લભ દેખાય;
સીનેમા જોવાને સર્વે, આનંદે તો ચાલ્યા જાય.
ઘેર ખાવાનું ગયું નાશી, હોટલમાં ધામધુમ ચાલે છે—સુ૦
શૉર્ટ સાઇટ જુવાનીમાં આવી, ચશ્મા આજે આંખે ચઢતા;
તંદુરસ્તી ગઇ ચાલીને, મહિનામાં કંઇક વખત માંદા પડતા.
ડાકટર સાહેબને ઉપરા ઉપરી, બીલો આજે આપે છે—સુ૦
હજામ મોંઘો ધોબી મોંઘો, અન્ન કાપડ પણ મોંઘું થયું;
સસ્તાનો તો વખત ન રહ્યો, એ સર્વતો ચાલી ગયું.
ધંધા ઉપર બહુ ધ્યાન નહીં ને, સરવીસ બહુધા ઝાલે છે—સુ૦
વિર્યરક્ષા ચાલી ગઇને, શૌર્ય તેની પાછળ ગયું;
બુદ્ધિ ગુમાવી બળ ગુમાવી, શુરાતન તેની પાછળ ગયું.
કહો દુશ્મન બાળ લગ્નનો, રિવાજ ધમધોકાર ચાલે છે—સુ૦

બાબા સાહેબનું બેલેન્સશીટ યા મહીનાનું સરવાયું શીકશન.

સવૈયા.

બાબા સાહેબ કરી ગ્રહસ્થ, મુંબઈ નગરીમાં રહેતા હતા;
પગાર રૂપીઆ પોણોસો, મહિને ખુશીથી કમાતા હતા.

પૈસો પાસે બચતો નહીં ને, દશ પંદર ઉપર દેવું થતું;
જેટલું કમાતા તેટલું બધું, મોજ શોખમાં ચાલ્યું જતું.
પ્રથમ મહિનો પુરો થયો ને, લૈયો રૂમનું ભાડું લેવા આવ્યો;
બીલ આપી બાર રૂપીઆની, ઉઘરાણી કરવા લાગ્યો.
એટલામાં દુધવાળો આવ્યો, સાત રૂપીઆ હમકુ દેના;
મહિના અબતો હો ગયા, અબેરા ચુકાદા કરના.
વાસણ માંજનાર ઘાટી આવ્યો, દાદા અમાલા દેના;
મહિનો પુરો થઈ ગયો, અતા દાદા કૃપા કરના.
દાણાવાળા દામોદરે, નાણાંની ઉઘરાણી કરી;
દાણાના દસ રૂપીઆ આપો, મહિનો થયો મહેરબાની કરી.

ભારી ભપકાનો ભવાડો.

હોટલવાળો હીમતલાલ, કેમ બાબા સાહેબ મહેરબાની કરશો;
સતર રૂપીઆ ચહા પાણીના ચહડયા, બીલ કયારે ચુકવી દેશો.
ડાકટર દેવીદાસ કહેવા લાગ્યા, કેમ તબિયત હવે સારી થઈ;
બીલના રૂપીઆ બાર આપો, પહેલી તારીખ થઈ ગઈ.
બાર રૂપીઆ ભાડામાં ગયા ને, સાત દુધમાં દીધા;
દશ દાણાવાળાને આપ્યા, ચાર ઘાટીને ચુકવી દીધા.
સતર ચા પાણીમાં ગયા ને, બાર ડાકટરના બીલે લીધા;
લગભગ બાસઠ રૂપીઆ, આંખ મીચતામાં ચુકવી દીધા.
ત્રણ કોલસાવાળાને આપ્યા, બે બાલ કપાવવામાં ગયા;
સેન્ટ લવન્ડર સાત આપ્યા, ચુમોતેર ચાલ્યા ગયા.
એક રૂપીઓ સીલકમાં રહ્યો ને, કાપડવાળે ઉઘરાણી કરી;
આવતે પગારે તમને મળશે, ધીરજ રાખજો મનમાં ધરી.

બાબા સાહેબ વિચાર કરવા લાગ્યા, વોર્શીંગ કંપનીમાં શું આપીશું;
શાક મસાલો તેલ મીઠું, હવે શેમાંથી લાવીશું.
પોકેટ ખરચ માટે પાઈ ન રહી, પસ્તાવો કરવા લાગ્યા;
તીલાંજલી આપી સર્વ શોખને, સાદું જીવન ગાળવા લાગ્યા.
સર્વ શોખ તજી દીધો ત્યારે, તન મન ધનથી સુખી થયા;
એ વરસમાં બાબા સાહેબ પાસે, રૂપીઆ આઠસો ભેગા થયા.
સાદું જીવન સાચો દોસ્ત, કરકસર બીજો ભાઈ કહેવાય;
ખુદાની જો બંદગી કરે, અખંડ આનંદ દિલમાં થાય.

જીભમાં ઝહેર જીભમાં અમૃત.

જીભે વ્યાપે જોર જીભ આગ લગાવે,
જીભે વ્યાપે જોર પેટ ભરી જુતાં ખવડાવે,
જીભે વ્યાપે જોર દુશ્મની દુનિયામાં ઉભી થાતી,
જીભે વ્યાપે જોર નારી નફ્ટ ગણાતી,
જીભ છુરી છે ભાઈ દુઃખ અત્યંત ઉભાં થાય છે,
સુતા હોય જે દુશ્મનો પાછા જાગૃત થાય છે.

જીભે વ્યાપે મીઠાશ દુશ્મનથી દોસ્તી થાતી,
જીભે વ્યાપે મીઠાશ થાય દુનિયામાં પ્રખ્યાતી,
જીભે વ્યાપે મીઠાશ વૈરી મીત્રની ગરજ સારે,
જીભે વ્યાપે મીઠાશ કરે મનુષ્ય જે ધારે,
જીભમાં અમૃત જીભમાં ઝહેર ચોખું દેખાય છે,
ઉપયોગ જેવો આવડે તેવો ઘંઉનો પદાર્થ થાય છે.

અમારા શંહેનશાહ જ્યોર્જ ઘણું જીવો.

ત્રોટક છંદ અક્ષર બાર.

અમ અંગ્રેજ સરકાર છે સારી,
માટે માલીકની મદદ છે ભારી;
રાજ્ય સરસ નિતીથી ચલાવે છે.
સર્વ આનંદથી આશિષ આપે છે.
હે ભગવત તુજ કળા છે ન્યારી,
ન વીસરાય તેવી રચના તારી;
શા અખંડ સૂર્ય ચંદ્રના પ્રકાશ,
હરી નિતીવાન ન થાય નિરાશ.
જયોરજ રાજ્ન તમે ઘણું જીવો,
યોગીસમ પ્રગટાવો ન્યાય દીવો;
રજનીન પ્રકાશો તમ રાજ્ય મહીં.
જય થાશે જરૂર પ્રભુને તહીં.
ઘણા આવીને ઘણા ચાલી ગયા,
શું કહુ શું સાથે તેઓ લઇગયા;
જીવ પુન્ય કે પાપ સાથે આવે છે,
વોહ સંદેશા એસ. પી. કહાવે છે.

વાંચનારનું ભલું થાઓ.